ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૧૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૫૯ ટકા

# શહેરમાં ગુરુ નાનક જયંતિ ધામધૂમપૂર્વક ઉજવાઈ







**વહેલી પરોઢે પ્રભાત ફેરી યોજાઈ : બપોરે ગુરૂવાણી અને સાંજે ભજન-કિર્તન યોજાયા : કિર્તન માટે સુવર્ણ મંદિરથી કિર્તનકારો આવ્યા : બપોરે અને સાંજે બંને લંગરનો મોટી સંખ્યામાં શીખ શ્રધ્ધાળુઓએ લાભ લીધો**

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરમાં આજે શીખ ધર્મના સ્થાપક અને પ્રથમ ગુરૂ એવા ગુરૂ નાનકદેવની જન્મ જયંતિ ધામધૂમથી ઉજવાઈ હતી. આ પ્રસંગે સે-૩૦ના ગુરુદ્વારા સાહેબ ખાતે પ્રભાતફેરી, ગુરુવાણી, ભજનકિર્તન તથા બપોરે અને રાત્રે લંગરનું આયોજન કરવામાં આવ્યું હતું. મોડી રાત્રિ સુધી અમૃતસરના સુવર્ણમંદિરથી પધારેલ હરદિપસિંઘજી તથા તેમના સાથીઓની ભજન મંડળીએ શીખ શ્રધ્ધાળુને રસ તરબોળ કર્યા હતા.

ગુરૂ નાનક જયંતિએ શહેરના સેકટર-૩૦ ખાતેના ગુરુદ્વારા સાહેબ ખાતેથી વહેલી પરોઢે ૫ કલાકે પંચ પ્યારા સાથે પ્રભાતફેરી નીકળી હતી. ત્યારબાદ સવારે ૬ કલાકથી ગુરૂબાણી ગાયનનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શીખ શ્રધ્ધાળુઓ ઉમટી પડયા હતા. ગુરૂબાણી ગાયન કાર્યક્રમના સમાપને તમામ શ્રધ્ધળુઓ માટે ભોજનપ્રસાદ એટલે કે લંગરનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુરુબાણી કાર્યક્રમમાં ગાંધીનગરના ડેપ્યુટી મેયર પદના ઉમેદવાર કોર્પોરેટર નાઝાભાઈ ઘાંઘર ઉપસ્થિત રહ્યા હતા જેમનું ગુરુદ્વારા સંચાલકો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

ગુરુદ્વારા ખાતે સાંજે ૭ વાગ્યાથી પણ કાર્યક્રમો યોજાયા હતા જેમાં મોડી રાત્રિ સુધી ભજન કિર્તન થયા હતા. આ ભજન કિર્તન માટે ખાસ પંજાબના અમૃતસર ખાતેના જગવિખ્યાત સુવર્ણમંદિરથી હરદિપસિંઘ તથા તેમના સાથીઓ સહિતની ભજન મંડળી પધારી હતી જેમણે શીખ શ્રધ્ધાળુઓને ભક્તિરસમાં તરબોળ કર્યા હતા. સાંજે પણ ગુરૂદ્વારા ખાતે લંગરનો કાર્યક્રમ યોજાયો હતો. જેનો મોટી સંખ્યામાં શીખ શ્રધ્ધાળુઓએ લાભ લીધો હતો. સાંજે ગુરુદ્વારાને રોશનીથી શણગારવામાં આવ્યું હતું.

## આવતીકાલે સંવિધાન બચાવો યાત્રાનું ગાંધીનગરમાં સ્વાગત કરાશે

ગાંધીનગર, તા.૨૩

માણસા તાલુકાના ઈટાદરાથી તા. ૨૫મી નવેમ્બરના રોજ સંવિધાન બચાવો યાત્રા રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ દ્વારા સવારે પ્રસ્થાન કરશે. યાત્રા માણસા-રાંધેજા ચોકડી ટાટા ચોકડી આવશે. જયાં ગાંધીનગરવાસીઓ સંવિધાનને ફુલહાર કરી યાત્રાનું સન્માન કરશે. યાત્રાનું કરૂણા ચોકડી પર જય ભીમ સેવા ટ્રસ્ટ દ્વારા સ્વાગત કરાશે. ત્યાંથી યાત્રા ઘ- થી ઘ-૫ થી ૪ કલાકે ઘ-૪ આવશે અહીં વાલ્મિકી સમાજ, વણકર સમાજ તથા ડેમોક્રેટિક પીપલ્સ પાર્ટીના મિત્રો સંવિધાનનું ફુલહારથી સન્માન કરશે અને યાત્રામાં જોડાશે.

ત્યારબાદ યાત્રા લગભગ ૪.૪૫ કલાકે ઘ-૨ આવશે અહીં બહેનોના સંગઠન દ્વારા સ્વાગત કરાશે જયાં પાણીની વ્યવસ્થા બહેનો કરશે. ત્યાંથી યાત્રા ચ-૨થી ચ-૩ થઈ ૬ કલાકે બાબાસાહેબની પ્રતિમાએ પહોંચશે અને ત્યાં જ સભા પણ થશે. જયાં પી.બી. શ્રીમાળી દ્વારા પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાયમરી સ્કુલની ધો-૮ની વિદ્યાર્થીની બહેનોએ તા. ૨૧ અને ૨૨ નવેમ્બર ૨૦૧૮ના રોજ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા આયોજિત સ્ટેટ લેવલ ફેસ્ટિવલમાં સાયન્સ ડ્રામા કોમ્પીટીશનમાં સાયન્સ સીટી અમદાવાદ ખાતે રાજયકક્ષાએ ભાગ લીધો હતો. જેમાં સ્વચ્છતા, આરોગ્ય અને તંદુરસ્તી વિષય અંતર્ગત 'પહેલું સુખ તે જાતે નર્યા' સાયન્સ ડ્રામા રજૂ કર્યુ હતું. શાળાના સુપરવાઈઝર ભગવતીબેને ડ્રામાની સ્ક્રીપ્ટનું લેખન કાર્ય કરતું તથા શિક્ષિકા પ્રવિણાબેન પટેલે વિદ્યાર્થીનીઓને માર્ગદર્શન પુરું પાડયું હતું. શાળાના આચાર્યા નીરૂબેન પટેલે વિદ્યાર્થીનીઓને શુભેચ્છા પાઠવી હતી.

## ગાંધીનગર પેન્શનર્સ સમાજ દ્વારા 'પેન્શન પરિવાર'નું વિમોચન

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા 'પેન્શન પરિવાર' પરિચય પુસ્કાની ૬ઠ્ઠી આવૃત્તિનું વિમોચન કાર્યક્રમ મુખ્ય મહેમાન ધારાસભ્ય શંભુજી ઠાકોર તથા ડેપ્યુટી મેયર નાજાભાઈ ઘાંઘરની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

રમણભાઈ શ્રીમાળી પ્રવર મંત્રીએ પ્રાર્થનાથી કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો હતો. પ્રમુખ ડાહ્યાભાઈ અને કાર્યકારી પ્રમુખ જયંતભાઈ ભટ્ટ તથા મહેમાનો દ્વારા દીપ પ્રાગટય કરાયું હતું. પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિએ શાબ્દિક તથા પુષ્પગુચ્છથી સ્વાગત કર્યુ હતું. ધારાસભ્ય શંભુજી ઠાકોર તથા ડેપ્યુટી મેયર નાજાભાઈ ઘાંઘરે પેન્શનરોના પ્રશ્નો અંગે સંપર્ક સાધવા સધિયારો આપ્યો હતો.

વિમોચન વિધિ બાદ કાર્યકારી પ્રમુખ જયંતભાઈ ભટ્ટે આભારવિધિ કરી હતી સાથો સાથ પેન્શનરોના પ્રાણ પ્રશ્નોની રજુઆત કરી હતી અને સત્વરે ઘટતો નિકાલ થાય તેવી રજુઆત કરી હતી.

## શહેરના સેક્ટર-૧માં ગાયત્રી મંદિર સામે હિટ એન્ડ રન

**મંદિરે દર્શન કરવા જતાં એક વૃદ્ધના બાઈકને અડફેટે લઈ ઈકો ચાલક ફરાર : ઉનાવા ગામના વૃદ્ધનું કમકમાટીભર્યુ મૃત્યુ : આરોપી ઈકો ચાલક સુધી પહોંચવા પોલીસે મુખ્ય માર્ગો પરના સીસીટીવી ફૂટેજ મેળવ્યા**

ગાંધીનગર, તા. ૨૩

પાટનગરના ખુલ્લા અને પહોળા માર્ગો પર જીવલેણ અકસ્માતો દિન પ્રતિદિન વધી રહ્યા છે ત્યારે ગઈકાલે ધોળે દિવસે વધુ એક હિટ એન્ડ રનની ઘટના બનવા પામી હતી. શહેરના સેક્ટર-૧માં આવેલા ગાયત્રી મંદિર ખાતે ગઈકાલે સવારે ઉનાવા ગામના એક વૃદ્ધ પોતાનું દર્શન કરવા આવ્યા હતા ત્યારે ગાયત્રી મંદિરની સામે જ સેક્ટરના રીંગ રોડ ઉપર બેફામ ગતિએ જતી એક ઈકો ગાડીએ તેમના બાઈકને જબરદસ્ત ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા ૬૦ વર્ષિય બાઈકચાલક વૃદ્ધનું કરૂણ મૃત્યુ નીપજયું હતું. તો બીજી તરફ અકસ્માત સર્જી અજાણ્યો ઈકો ગાડીનો ચાલક રફુચક્કર થઈ ગયો હતો. હિટ એન્ડ રનની ઘટનામાં સેકટર-૭ પોલીસે મૃતક વૃધ્ધના ભાઈની ફરિયાદને આધારે અજાણ્યા ઈકો ચાલક સામે ગુનો દાખલ કરી શહેરના મુખ્ય માર્ગો પર લાગેલા સીસીટીવી કેમેરાના ફૂટેજ મેળવી આરોપી સુધી પહોંચવા તપાસ તેજ કરી છે.

પ્રાપ્ત વિગત અનુસાર ગાંધીનગર નજીક આવેલા ઉનાવા ગામના માંડવી ચોક વિસ્તારમાં રહેતા ૬૦ વર્ષીય વૃદ્ધ ગોવિંદભાઈ રામાભાઈ પ્રજાપતિ ગઈકાલે સવારે શહેરના સેક્ટર-૧ ખાતે આવેલા ગાયત્રી મંદિરે દર્શન કરવા આવ્યા હતા. ગાયત્રી મંદિર સામેના માર્ગ પરથી બાઈક ઉપર ગોવિંદભાઈ પ્રજાપતિ જઈ રહ્યા હતા ત્યારે મંદિરની સામે જ એક ઈકો ગાડીએ તેમને અડફેટે લઈ લીધા હતા. અજાણ્યા ઈકો ગાડી ના ચાલકે બાઈકને ટક્કર મારતા બાઈક સાથે ફંગોળાઈને વૃદ્ધ ગોવિંદભાઈ રસ્તા વચ્ચે પટકાયા હતા અને ગંભીર રીતે ઘવાયા હતા. આ અકસ્માત સર્જીને ઈકો ગાડી નો ચાલક ગાડી સાથે રફુચક્કર થઈ ગયો હતો. તો બીજી તરફ રાહદારીઓએ મળીને ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવીને ઘાયલ ગોવિંદભાઈને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ ગયા હતા. ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ફરજ પરના તબીબે ઈજાગ્રસ્ત ગોવિંદભાઈ પ્રજાપતિને મૃત જાહેર કરતા સન્નાટો ફેલાઈ ગયો હતો. આ ઘટના અંગે સેકટર-૭ પોલીસે મૃતક વૃદ્ધ ગોવિંદભાઈ પ્રજાપતિના નાના ભાઈ વિષ્ણુભાઈ પ્રજાપતિની ફરિયાદને આધારે અજાણ્યા ઈકો કારના ચાલક સામે ગુનો દાખલ કરી હિટ એન્ડ રન કરી જનાર આરોપી ઈકો ચાલકને પકડવા સીસીટીવી ફૂટેજ મેળવી ઈકો કારનો નંબર મેળવવા તજવીજ હાથ ધરી છે.

## ફિરોજપુર ગામમાં દરોડો પાડી પોલીસે આઠ જુગારીઓ પકડયા

ગાંધીનગર, તા. ૨૩

ડભોડા નજીક આવેલા ફિરોજપુર ગામમાં કેટલાક શખ્સો મળીને ખુલ્લેઆમ જુગાર રમી રહ્યા હોવાની બાતમીને આધારે ડભોડા પોલીસે દરોડો પાડીને ખુલ્લેઆમ બાજી માંડીને બેઠેલા આઠ શકુનીઓને દબોચી લીધા હતા. ડભોડા પોલીસે રૂ.૬૩૧૦નાં મુદ્દામાલ સાથે આઠેય જુગારીઓની ધરપકડ કરી તમામ સામે જુગારધારાની કલમ હેઠળ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ડભોડા પોલીસની ટીમને ગઈકાલે સાંજે ચાર વાગ્યાના અરસામાં ચોક્કસ બાતમી મળી હતી કે ફિરોજપુર ગામમાં ખુલ્લેઆમ કેટલાક શખ્સો મળીને જુગાર રમી રહ્યા છે. આ બાતમીને આધારે ડભોડા પોલીસની એક ટીમે દરોડો પાડ્યો હતો. પોલીસને જોઈને જુગારીઓમાં નાસભાગ મચી ગઈ હતી જો કે પોલીસે કોર્ડન કરીને તમામ આઠ જુગારીઓને પકડી પાડયા હતા. પોલીસે સ્થળ પરથી ફિરોજપુર ગામના રહેવાસી જીવણ રૂમાલજી જાદવ, જસુ અમાજી જાવદ, અમર પ્રતાપજી રાઠોડ, કનુ ભીખાજી જાદવ, પંકજ ગાભાજી જાદવ, કલ્પેશ બબાજી જાદવ, ભરત મણાજી જાદવ અને વિજાપુરના કોલવાડાના રહેવાસી ભરત ચંદુજી ચૌહાણ મળીને આઠ શખ્સોની ધરપકડ કરી તેમની પાસેથી રોકડ રૂ.૫૦૮૦ તથા બે મોબાઈલ મળી કુલ રૂ.૬૩૧૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સે-૨૭માં સ્કૂટર ઉપર દારૂ વેચતો યુવાન ઝડપાયો

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૭ખાતે શિવમ પાર્લરની સામે એક યુવાન શખ્સ સ્કૂટર સ્ટેન્ડ કરીને ડેકીમાંથી દારૂનો વેપલો કરતો હોવાની બાતમીને આધારે સેક્ટર-૨૧ પોલીસની ટીમે તેને દારૂની બોટલ સાથે પકડી પાડ્યો હતો. શિવમ પાર્લર સામે બજાજ સ્કુટર પાર્ક કરીને દારૂની બોટલો વેચતા આદીવાડા ગામ ના હરીશ રત્ના ડામોર નામના યુવાનને વિદેશી દારૂની ત્રણ બોટલ સાથે પકડી પાડી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે હરીશ ડામોર પાસેથી રોકડ તથા મોબાઈલ અને ત્રણ બોટલ દારૂ મળી કુલ રૂ.૮૬૫૯ ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી હરીશ દારૂ ક્યાંથી લાવ્યો હતો અને ક્યારથી ધંધો કરી રહ્યો છે તે સહિતની ઊંડી પૂછપરછ શરૂ કરી છે.

## અલૌકિક, અદભૂત અને અવિસ્મરણીય 'જોવા જેવી દુનિયા'

ગાંધીનગર, તા.૨૩

આપણે જે જોઈએ છીએ, અનુભવીએ છીએ અથવા સમજીએ છીએ તે દુનિયા સાચી દુનિયા છે? શું આ સગી નજરે દેખાતી દુનિયા કરતા સાચી દુનિયા અલગ તો નથી ને? આ સવાલોના જવાબ નાટય દશ્ય અનો શ્રાવ્ય સહિત આધુનિક ટેકનોલોજીના માધ્યમથી સમજાવતી દુનિયા એટલે 'જેવા જેવી દુનિયા.' અમદાવાદ-મહેસાણા હાઈવે પર અધધ... કહેવાય તેવા વિશાળ મેદાનમાં નિર્માણ પહોંચાડે છે. મુખ્ય પ્રવેશ દ્વાર નિહાળતા જ રોચક અનુભવ માણવા જઈ રહ્યા છીએ તેવો અંદાજ આવી જાય અને વડની વડવાઈઓથી સજાવેલા સૂર્યની પ્રતિકૃતિ સાથેના પ્રવેશ દ્વારે પહોંચો એટલે ડોમને પ્રાધાન્ય આપવું અથવા કયા પ્રદર્શનમાં કેટલો સમય લાગશે તે તમામ માહિતીનો અંદાજ આવી જાય છે.

'જોવા જેવી દુનિયા' પ્રદર્શનમાં મુખ્યત્વે જીએનસી પાર્ક, થીમ પાર્ક, નીતરતી પ્રતિમાના દર્શન થતા જ મુલાકાતીઓ સેલ્ફી લેવાનું ચાલી કરી દેતા જાતને રોકી શકતા નથી. જીએનસી પાર્કમાં મુખ્ય આકર્ષણોમાં મિટ સકતી હૈ યે દૂરિયાં, ટેરીફિક ટેટી, યુટર્ન, પપેટ શૉ, એમ્ફી થાય છે. દાદા ઈન માય લાઈફ દ્વારા રમતા રમતા જ્ઞાન મળે છે.

થીમ પાર્કમાં કર્તા કૌન, પેરેન્ટસ કી પાઠશાળા, વાત્સલ્ય મૂર્તિ નિરૂમા, ઈન્ટરનેશનલ વિલેજ, ઈટસ લગાડવાનું યાદ આવતું નથી. પેરેન્ટસ કી પાઠશાળામાં બાળકોના સાચા ઉછેરની દિશા પ્રાપ્ત થાય છે અને તે માટે પાછી એક મોબાઈલ એપ ફ્રીમાં ડાઉનલોડ કરી આપવામાં આવે છે.





'જેવા જેવી દુનિયા' પ્રદર્શનમાં તા. ૨૪ નવેમ્બર શનિવારના રોજ સાંજે ૪ થી ૭:૩૦ વાગ્યા સુધી અલૌકિક જ્ઞાનવિધિ યોજાશે. જેમાં અડતાલીસ મિનિટ આત્મા-અનાત્માનાં ભેદ પાડનારાં વાક્યો બોલાવવામાં આવે છે. ત્યાર બાદ વ્યવહારિક ઉદાહરણ સાથે 'પાંચ આજ્ઞાઓ' વિગતવાર સમજાવવામાં આવશે. નવાં કર્મો બંધાય નહીં અને જૂના કર્મો સંપૂર્ણ પૂરાં થાય તેવી રીતે જીવન પસાર કરવાની વ્યવહારિક ચાવીઓ મળે છે. અહીં ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી એમ ત્રણે ભાષામાં પાંચ આજ્ઞાનું અનુવાદ પણ થશે. રાત્રે ૯ થી ૧૦:૩૦ દરમિયાન જ્ઞાન અને ભક્તિનો સુમેળ સાધતો લાઈવ ગરબાનો કાર્યક્રમ અને સવારે ૧૦ થી ૧૨:૩૦ દરમિયાન મુમુક્ષુઓને અક્રમ વિજ્ઞાનનો પરિચય કરાવતા પ્રશ્નોત્તરી સત્સંગનું આયોજન કરવામાં આવ્યું છે.




મળે છે અડાલજ ખાતેના ત્રિ-મંદિરે દાદા ભગવાનની ૧૧૧મી જન્મજયંતિએ ખડી કરવામાં આવેલી 'જેવા જેવી દુનિયા'માં. અહીં આવતા દરેક મુલાકાતીના મુખમાંથી મુલાકાત બાદ નીકળતા શબ્દો એક જ હોય છે, અને એ છે 'ખરેખર, જોવા જેવી દુનિયા તો આ જ છે.' આ દુનિયા તા. ૨૫મી નવેમ્બર રવિવાર સુધી જોઈ શકાશે.

પૂ. દાદા ભગવાનો જણાવેલા જીવનના અક્રમ વિજ્ઞાનને ખૂબ સરળતાથી પામેલી આ 'જોવા જેવી દુનિયા' પ્રદર્શનની મુલાકાતે માનવ મહેરામણ ઉમટી રહ્યો છે છતાં સુયોગ્ય આયોજન, વિશાળ ડોમ સ્ટ્રકચર્સ, અત્યાધુનિક ટેકનોલોજીનો ઉપયોગ ઉપરાંત 'જય સચ્ચિદાનંદ' કહીને સસ્મિત મદદરૂપ થતા સોંકડો સેવાર્થીઓને કારણે સમગ્ર આયોજન માણવા યોગ્ય બન્યું છે. પુરતી પાર્કિંગ વ્યવસ્થા સાથે હાઈવેનો ટ્રાફિક પણ ડિસ્ટર્બ ના થાય તે માટે બસની સુવિધા જે મુખ્ય દ્વારે મુલાકાતીને તુરંત સમગ્ર પ્રદર્શનનો સંકલિત માહિતી સાથેનો નકશો સેવાર્થીઓ દ્વારા આપી દેવામાં આવે છે જેને કારણે મુલાકાતીઓએ કયાં જવું? શું જોવું? કયા ભોજનશાળા, સત્સંગ હોલ જેવા વિભાગો ગણી શકાય. પ્રવેશદ્વારની ટનલથી આનંદયાત્રા શરૂ થાય છે જેમાં પ્રવેશતા જ સામે પૂજય દાદા ભગવાનની સ્નેહ થીએટર, સેલ્ફી લી કયા? વગેરે સાથે બાળકો માટે અક્રમ જોય રાઈડ, કિડસ સેલ, યુવાનો માટે મિસ્ટ્રી રૂમ, આગે સે રાઈટ વર્કશોપ, જીએનસી વગેરેનો સમાવેશ ઑલ અબાઉટ મની, અક્રમલેખ, ફાઈલો કા સમભાવસે નિકાલ, દુનિયા દેખને કા સીધા ચશ્મા, મૈં કૌન હું, ટુર ટુ મહાવિદેહ વગેરે જ્ઞાનવર્ધક અને જીવનની શીખ આપતા શૉ છે. થીમ પાર્કમાં વાઈફાઈ હોમ છે જેમાં મોબાઈલ-ઈન્ટરનેટ વગર પરિવાર સાથે સાત્વિક આનંદથી સમય પસાર કરવાનું શિખવાડતી ભુલાઈ ગયેલી સરળ રમતો રમતા રમતા મુલાકાતીઓને ખરેખર સાથે લાવેલા મોબાઈલને હાથ પણ

સમગ્ર 'જોવા જેવી દુનિયા' પ્રદર્શનમાં ભોજન શાળા તથા ફુડ કાફેની વ્યવસ્થા ઉપરાંત પીવાના પાણી-શૌચાલય તથા ટોયલેટની સુવિધા પણ યોગ્ય પ્રમાણમાં કરવા સાથે અહીંની સ્વચ્છતા ઉડીને આંખે વળગે તેવી છે. ટુર ટુ મહાવિદેહની જેમ જોવા જેવી દુનિયા પ્રદર્શન એ માત્ર પ્રદર્શન જ નહી પરંતુ એક વૈચારિક સફર પણ બની રહે છે જે જીવન પ્રત્યેનો દષ્ટિકોણ બદલાવવા સક્ષમ છે.

### ચક્ષુદાન

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર નિવાસી સ્વ. ગોવિંદભાઈ રામાભાઈ પ્રજાપતિનું અવસાન થતાં તેઓના કુટુંબી જયેશભાઈની સંમતિથી ચક્ષુદાન લેવામાં આવે છે. આ સાથે ગાંધીનગરના નિવાસી ઈશ્વરભાઈ મણીભાઈ પટેલનું અવસાન થતાં તેઓના કુટુંબીજન વીણાબેન પટેલની સંમતિથી તેમનું પણ ચક્ષુદાન લેવામાં આવે છે.

આ બંને ચક્ષુદાનમાં તબીબી સેવા ડૉ. મેઘા પટેલ, ડૉ. પ્રિયંકા તથા ડૉ. વેલુ તેમજ જુસીકાના કાર્યકર શનિ વાઘેલા અને હિતેશભાઈ રાવલે સેવાઓ આપી હતી.

સ્વર્ગસ્થના ચક્ષુઓને અમદાવાદ ચક્ષુબેંક ખાતે પહોંચાડવાની સેવા રાજુ વાઘેલા તથા શનિ વાઘેલા તથા રમેશ ગરાડે અનુક્રમે આપી હતી.

### ચિરવિદાય

- સ્વ. ત્રિવેદી પરેશકુમાર જવાહરલાલ, ઉ.વ. ૬૪
- સ્વ. ફલદુ અરજણભાઈ રાજાભાઈ, ઉ.વ. ૭૫
- સ્વ. ઠાકોર રઈબેન પ્રતાપજી, ઉ.વ. ૭૦
- સ્વ. ભરવાડ જીવીબેન હઠ્ઠાભાઈ, ઉ.વ. ૮૦
- સ્વ. ઠાકોર લાલાભાઈ અર્જુનભાઈ, ઉ.વ. ૩૦
- સ્વ. વણઝારા શેરીબેન હોજાજી, ઉ.વ. ૧૦૫